# ઝાંપાબજાર સૈફી મહોલ્લામાં જર્જરિત મકાનની દીવાલ પડી

**બાજુનાં** મકાનમાં ફસાયેલાં ત્રણ યુવકને સુરક્ષિત બહાર કાઢી લેવાયા



સુરતઃ ઝાંપાબજાર સૈફી મહોલ્લામાં રવિવારે મોડી રાત્રે એક મોટી દુર્ઘટના બનતા રહી ગઈ હતી. ઝાંપાબજાર જનતા પ્લાસ્ટિક સામેની ગલીમાં આવેલા સૈફી મહોલ્લામાં એક ખુલ્લા પ્લોટની ફરતે આવેલી જર્જરિત દીવાલ અચાનક તૂટી પડી હતી. આ પ્લોટને અડીને આવેલું એક મકાન પણ અત્યંત જર્જરિત હાલતમાં હતું, જેનો આગળનો હિસ્સો દીવાલ સાથે ધરાશાયી થઈ ગયો હતો.

ઘટના સમયે મકાનના પાછળના ભાગમાં આવેલા રૂમમાં ત્રણ યુવકો હાજર હતા. આગળનો ભાગ તૂટી પડતાં ત્રણેય યુવકો પાછળના રૂમમાં રહી ગયા હતા. ફાયર ઓફિસર મહેશ પટેલના જણાવ્યાં મુજબ મકાનની પાછળના ભાગે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રહેતા જેમ્સ મગર (ઉ.વ.૨૦), દીપક બિઠા (ઉ.વ.૧૭) અને અમિત મગર (ઉ.વ.૨૨) અંદર ફસાઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ત્રણેય યુવકોને સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને મોટી હોનારત ટળી હતી. ઉલ્લેખનીય છે કે, ઝાંપાબજારના કેટલાક વિસ્તારોમાં અનેક જૂનાં અને જર્જરિત મકાનો આવેલાં છે, ગયા અઠવાડિયે પણ ઝાંપાબજાર વિસ્તારમાં જ મકાનનો ભાગ ધરાશાયી થવાની આવી જ એક ઘટના સામે આવી હતી.

# સુરત એરપોર્ટ ટર્મિનલ બહાર ગાયની દોડધામ પાર્કિંગ-ગાર્ડન વિસ્તારમાં અફરાતફરી મચી

**મુસાફરોમાં** ક્ષણિક ગભરાટનો માહોલ, વિડીયો વાયરલ થતાં એરપોર્ટ ઓથોરિટીએ મનપાની ઢોર પકડ પાર્ટીને બોલાવી, સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટની સુરક્ષા વ્યવસ્થા અંગે ફરી એકવાર ચર્ચા જગાવતો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વિડીયોમાં એરપોર્ટ ટર્મિનલની બહાર આવેલા પાર્કિંગ અને ગાર્ડન વિસ્તારમાં એક ગાય દોડતી જોવા મળે છે. ગાય અચાનક દોડતી આવતાં મુસાફરો અને તેમનાં સ્વજનોમાં ક્ષણિક ગભરાટનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી.

મળતી માહિતી મુજબ ગાય એરપોર્ટ ટર્મિનલની બહારના વિસ્તારમાં ઘૂસી આવી હતી અને પાર્કિંગ તેમજ ગાર્ડન વિસ્તારમાં થોડા સમય સુધી દોડતી રહી હતી. મુસાફરો પોતાના સામાન સાથે અવરજવર કરી રહ્યા હતા ત્યારે ગાયની અચાનક હાજરીથી કેટલાક લોકો ગભરાઈ ગયા હતા. ઘટનાનો વિડીયો ત્યાં હાજર લોકોએ મોબાઈલમાં કેદ કરી સોશિયલ મીડિયામાં શેર કરતાં તે ઝડપથી વાયરલ બન્યો હતો.

વિડીયો વાયરલ થયા બાદ એરપોર્ટ ઓથોરિટી હરકતમાં આવી હતી. ગાયને સુરક્ષિત રીતે પકડી બહાર કાઢવા માટે સુરત મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટીને તાત્કાલિક બોલાવવામાં આવી હતી. પાલિકાની ટીમે સ્થળ પર પહોંચી ગાયને કાબૂમાં લઈ એરપોર્ટ પરિસરમાંથી બહાર ખસેડી હતી. ત્યારબાદ સ્થિતિ સામાન્ય બની હતી. આ ઘટનાએ એરપોર્ટના સિટી સાઈડ વિસ્તારમાં રખડતાં ઢોરોના પ્રશ્નને ફરી ઉજાગર કર્યો છે. અગાઉ પણ સુરત એરપોર્ટની આસપાસ રખડતાં



પશુઓને કારણે સુરક્ષા અંગે પ્રશ્નો ઊભા થયા હતા. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે જો આવાં પશુઓ વધુ અંદરના પ્રતિબંધિત વિસ્તારમાં પહોંચી જાય તો ગંભીર પરિસ્થિતિ સર્જાઈ શકે.

એરપોર્ટ પર દરરોજ હજારો મુસાફરોની અવરજવર રહેતી હોવાથી ટર્મિનલ બહારના વિસ્તારને પણ સંપૂર્ણ સુરક્ષિત રાખવાની જરૂરિયાત સામે આવી છે. ખાસ કરીને પાર્કિંગ, એપ્રોચ રોડ અને ગાર્ડન વિસ્તારમાં રખડતાં ઢોરો પ્રવેશી ન શકે તે માટે વધુ અસરકારક વ્યવસ્થા કરવાની માંગ ઊઠી રહી છે. એરપોર્ટ સત્તાવાળાઓએ ઘટનાને ગંભીરતાથી લઈને જરૂરી પગલાં ભર્યાનું જણાવ્યું છે. સાથે જ ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને એ માટે સંબંધિત એજન્સીઓ સાથે સંકલન કરી સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવશે તેવી માહિતી પણ આપવામાં આવી છે.

સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થતાં મુસાફરોમાં પણ એરપોર્ટની બહારના વિસ્તારની સુરક્ષા અંગે ચર્ચા શરૂ થઈ છે. લોકોનું માનવું છે કે, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે ઓળખાતા સુરત એરપોર્ટ પર આવી ઘટનાઓ ટાળવા માટે રખડતા ઢોરોના પ્રવેશને રોકવા કાયમી અને અસરકારક વ્યવસ્થા કરવી સમયની માંગ બની ગઈ છે. અન્ય એક બીજા વિડીયોમાં રખડતાં શહેરી કૂતરાં ટર્મિનલ બિલ્ડિંગ બહાર પડ્યાપાથર્યાં રહેતાં હોવાનો વિડીયો પણ વાયરલ થયો છે.

# સંક્ષિપ્ત સમાચાર

## OET દ્વારા ગુજરાતના સુરતમાં શિક્ષકોને હેલ્થકેર અંગ્રેજીની વિશેષ તાલીમ અપાઈ



સુરતઃ OET એ હેલ્થકેર અંગ્રેજી શિક્ષણ ક્ષમતાને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ કરી છે. જેમાં સુરતમાં એક વિશેષ શિક્ષક તાલીમ વર્કશોપનું આયોજન કર્યું હતું. જેમાં ગુજરાતના વિવિધ શહેરોમાંથી આવેલા ૫૦ થી પણ વધુ હેલ્થકેર અંગ્રેજી શિક્ષકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે OETના રિજનલ ડિરેક્ટર - સાઉથ એશિયા, અમિત ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, 'અમારા વિશેષ શિક્ષક તાલીમ કાર્યક્રમોનો હેતુ શિક્ષકોને આધુનિક શિક્ષણ પદ્ધતિઓ, વ્યવહારુ વર્ગખંડ તકનીકો અને હેલ્થકેર અંગ્રેજી શિક્ષણની વધુ સારી સમજથી સજ્જ કરવાનો છે'.વર્કશોપમાં ભાગ લેનારાઓને OETના ચારેય સબ-ટેસ્ટ - લિસનિંગ, રીડિંગ, રાઇટિંગ અને સ્પીકિંગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## મહાવીર કેન્સર હોસ્પિટલમાં પ્રથમ સફળ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ કરાયું



સુરતઃ સુરતની અગ્રણી મહાવીર કેન્સર હોસ્પિટલના વરિષ્ઠ હેમેટોલોજિસ્ટ ડો. મિતેશ હલવાવાળા અને તેમની નિષ્ણાંત ટીમે હોસ્પિટલમાં પ્રથમ સફળ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ પૂર્ણ કરીને દર્દીને નવજીવન આપ્યું છે. આ સફળતા સાથે દર્દીઓને સારવાર માટે અમદાવાદ, મુંબઈ અથવા અન્ય મહાનગરોમાં જવાની જરૂરિયાત નોંધપાત્ર રીતે ઘટશે. આ અંગે વરિષ્ઠ હેમેટોલોજિસ્ટ ડો. મિતેશ હલવાવાળાએ જણાવ્યું હતું કે, બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ બ્લડ કેન્સર, લ્યુકેમિયા, લિમ્ફોમા, મલ્ટિપલ માયેલોમા તેમજ અન્ય ગંભીર રક્તરોગોની સારવાર માટે અત્યંત અસરકારક અને જીવનરક્ષક પદ્ધતિ છે.

## એડ્વોકેટ, સીએ અને ડોક્ટર્સ માટે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ સત્ર યોજાયું



સુરતઃ એડવોકેટ તેજસ મહેતાએ એડવોકેટ મિત્રો, CA અને ડોક્ટર્સ માટે 'વર્ક-લાઇફ બેલેન્સ' વિષય પર માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ સત્રનું આયોજન કર્યું હતું, જેમાં કાઉન્સેલિંગ સાયકોલોજિસ્ટ રુચિરા જોખાકર દ્વારા સ્વસ્થ સંવાદ કૌશલ્ય, લવચીક વિચારસરણી, ડિજિટલ ઓવરલોડ, લાગણીઓનું નિયમન, સંબંધો જાળવવાની કળા, જીવનનો હેતુ અને દૃષ્ટિકોણ જેવા મહત્વપૂર્ણ વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.તમામ ભાગ લેનારોએ 'Emotional Charades' જેવી રસપ્રદ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સાથે જ કાઉન્સેલિંગ અંગેની ગેરમાન્યતાઓ અને હકીકતો વિશે સમજ મેળવી તથા જીવનમાં વિકાસ અને સફળતા માટે સ્થિતિસ્થાપકતાનું મહત્વ પણ જાણ્યું હતું.

## અડાજણના સાંઈનાથ સ્પોર્ટ્સ ક્લબ દ્વારા ગોવિંદ સરાવનો પ્રારંભ કરાયો



સુરતઃ સુરતના અડાજણ સ્થિત શ્રી સાંઈનાથ સ્પોર્ટ્સ ક્લબ દ્વારા દહીં હાંડી મહોત્સવ ૨૦૨૬ને લઈ ગોવિંદા સરાવનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે મોટી સંખ્યામાં યુવાનો અને ક્લબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉત્સાહભેર શરૂ થયેલા સરાવ સાથે દહીં હાંડી મહોત્સવને સફળ બનાવવા માટે તૈયારીઓનો આરંભ થયો છે.

## કે.એસ.કે.પી. વિદ્યાલયમાં અલૂણા નિમિત્તે મહેંદી અને કેશગુંફન સ્પર્ધાનું આયોજન



સુરતઃ ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, ભટાર સંચાલિત કે.એસ.કે.પી. માધ્યમિક અને ઉચ્ચ. મા. વિદ્યાલયમાં ધોરણ ૯ થી ૧૨ ની વિદ્યાર્થિનીઓ માટે અલૂણા નિમિત્તે "મહેંદી અને કેશગુંફન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શાળાની ૯૬ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં શ્રેષ્ઠ વિદ્યાર્થીનીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. વિજેતા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ અને સર્ટિફિકેટ એનાયત કરાયા હતાં. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના પ્રમુખ પી. બી. પટેલ, મંત્રી કે. એન. પટેલ શિ.સ. કન્વીનર ચેલાભાઈ એસ. પટેલ અને સમગ્ર ટ્રસ્ટીઓ, હોદ્દેદારઓ તથા આચાર્યા રેશમા પટેલ, શિક્ષકગણ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## સંસ્કાર વિહોણું જીવન પશુ સમાન છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં પંન્યાસપ્રવર હૃદયરત્નવિજયજી મહારાજની પાવન પ્રેરણાથી ધર્મનગરી ભીવંડીમાં શૂન્યથી 18 વર્ષના બાળક-બાળીકાઓ માટે 'સુસંસ્કાર અભિયાન' છેલ્લાં સોળ વર્ષથી ચાલી રહ્યું છે. આ અભિયાનમાં ભાગ લેનારા બાળક-બાળીકાઓનું દર છ મહિને વિશિષ્ટ બહુમાન કરવામાં આવે છે. પ્રતિ વર્ષ માતૃશ્રી ફેન્સીબેન કસ્તુરચંદજી સરેમલજી તેજાવત પરિવાર શ્રીદેવી જ્વેલર્સવાળા આ પાઠશાળાનો સંપૂર્ણ લાભ લે છે. આ પાવન અવસરે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, શિક્ષણ અને સંસ્કાર ભવ્ય ભાવિના નિર્માણ માટે જરૂરી છે. આજે શિક્ષણ માટે પેરેન્ટસ જેટલા એલર્ટ છે. એટલા સંસ્કાર માટે નથી તે દુઃખની વાત છે. સંસ્કાર વિહોણું જીવન પશુ સમાન છે. સંસ્કાર વિનાનું શિક્ષણ મૂલ્યહીન છે.

## વૈષ્ણવ પરિવાર માટે અલૂણાં નિમિત્તે વિવિધ સ્પર્ધા યોજાશે

સુરતઃ વૈષ્ણવ સંગઠન, સુરત તરફથી સુરત શહેરમાં વસતા વૈષ્ણવ પરિવારો માટે ૩૦ જુલાઈ, ૨૦૨૬, ગુરુવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે અખિલ હિંદ મહિલા પરિષદ હોલ, શાકમાર્કેટ પાસે, અડાજણ ખાતે અલુણા ઉત્સવની વિવિધ હરિફાઈ રાખવામાં આવી છે. જેમાં મહેંદી હરિફાઈ ( ગ્રુપ-૧ :(૧૨ થી ૨૫ વર્ષ), (ગ્રુપ-૨ :(૨૬ થી ૫૦ વર્ષ), ૧ મિનિટની હરિફાઈ (ગ્રુપ-૧ (૧૦ થી ૨૦ વર્ષ), ગ્રુપ-૨ :(૨૧ થી ૪૦ વર્ષ), ગ્રુપ-૩ :(૪૧ વર્ષથી ઉપર), ગોરમાની રાણી - (૩ થી ૭ વર્ષ), ફેન્સી ડ્રેસમાં તૈયાર થઈને આવવું, વિવિધ પ્રાંતના અને વિવિધ રાજયના દુલ્હા-દુલ્હન સ્ટાઈલમાં તૈયાર થઈને કેટવોક કરવું (ઉંમર વર્ષ - ૮ થી ૧૬ વર્ષ) સહિત વિવિધ હરિફાઈ રહેશે. હરિફાઈ પૂર્ણિમાબેન મહેશભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાશે. વૈષ્ણવોએ નામ લખવા માટે માજી પ્રમુખ નીરુબેન શાહ, નીતાબેન કેશીયો, શ્રદ્ધાબેન શાહ, સોનલબેન કાપડીયા તથા કાર્યાલય પર બંગલા નં.૭, ગણેશકૃપા સોસાયટી.તાડવાડી ખાતે તા. ૨૯-૭-૨૬ સુધીમાં દિપ્તીબેન દલાલનો સંપર્ક કરવો.

# ખાડીપૂર મુદ્દે સામાન્ય સભામાં વિશેષ ચર્ચા યોજવાની વિપક્ષની મેયરને રજૂઆત

સુરત : સુરત શહેરમાં વારંવાર સર્જાતી ખાડીપૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે આમ આદમી પાર્ટીના પ્રતિનિધિમંડળે મેયર માયાબેન માવાણીને રજૂઆત કરી છે. કોર્પોરેટર ધર્મેશ ભંડેરી, રચના હીરપરા, પંકજ ચાવડા અને પૂર્વ કોર્પોરેટર વિપુલ સુહાગિયાએ આગામી સામાન્ય સભામાં આ મુદ્દે વિશેષ ચર્ચાકાળ યોજવાની માંગ કરી હતી. રજૂઆતમાં જણાવાયું કે, ખાડીપૂરના કારણે લાખો લોકોનાં ઘર, દુકાનો અને ધંધાને ભારે આર્થિક નુકસાન થયું છે તેમજ 41થી વધુ લોકોનાં મોત થયા છે. તેથી તમામ કોર્પોરેટરો, ડ્રેનેજ અને પાણી વિભાગના અધિકારીઓ તેમજ અગાઉ ડ્રેનેજ વિભાગ સંભાળેલા નિવૃત્ત અધિકારીઓની હાજરીમાં ખાડીપૂરના કાયમી નિવારણ અંગે વિસ્તૃત ચર્ચા કરવી જોઈએ. સાથે જ ખાડીપૂર નિવારણ માટે અલગ વિશેષ સમિતિ રચવા માંગ કરી છે.

# BRTSની મોટી લાપરવાહી: દરવાજામાં હાથ ફસાઈ જતાં વૃદ્ધ રસ્તા પર ઘસડાયા

**ડ્રાઇવરની** બેદરકારીથી પરવટ પાટિયા જંક્શન પર ગંભીર ઘટના બની, ડ્રાઇવર બ્લેકલિસ્ટ અને ઓપરેટર કંપનીને 1 લાખનો દંડ

સુરતઃ પરવટ પાટિયા જંક્શન પાસે મુસાફરોથી ખચોખચ ભરેલી BRTS બસમાં એક વૃદ્ધ મુસાફર સાથે બનેલી હચમચાવી દેનારી ઘટનાનો વિડીયો વાયરલ થતાં મનપાના સુરક્ષા દાવાઓની પોલ ખુલ્લી પડી છે.

ONGCથી સરથાણા જતી રૂટ નંબર-12ની બસમાં અચાનક બ્રેક લાગતાં દરવાજા પાસે ઊભેલા વૃદ્ધ મુસાફર નીચે પટકાયા હતા. તેમની ઉપર બે-ત્રણ વિદ્યાર્થી મુસાફરો પણ પડી ગયા હતા. સૌથી ચોંકાવનારી બાબત એ રહી કે બસના દરવાજા



બંધ થતાં વૃદ્ધનો હાથ દરવાજામાં ફસાઈ જતાં રસ્તા પર કેટલાક ફૂટ સુધી ઘસડાયા હતા. ચાલુ બસમાં દરવાજા ખુલ્લા રહેવા, અચાનક બ્રેક મારવા અને બેફામ ડ્રાઈવિંગ જેવી ફરિયાદો વારંવાર છતાં તંત્ર દ્વારા અસરકારક નિયંત્રણ લાવવામાં આવ્યું નથી. મનપાના જણાવ્યા મુજબ ભારે વરસાદ બાદ બસની બેટરીમાં આવેલી ટેકનિકલ સમસ્યાને કારણે દરવાજા બંધ થયા પછી બસે અચાનક ઝડપ પકડી હતી ઘટનાને ગંભીરતાથી લઈને ડ્રાઈવરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો છે. ઉપરાંત બસ સંચાલક કંપની જેબીએમ એક્સોલાઈફ મોબિલિટી સુરત પ્રા. લિ. પર 1 લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

# મારામારીમાં બેને એક વર્ષની કેદ પરંતુ સારી વર્તણૂક રાખશે તેવી શરતે જેલમાં જતાં બચ્યાં

**જેલની** સજા ફટકારવાને બદલે બે આરોપીને પ્રોબેશનનો લાભ અપાયો

**અદાલત** જ્યારે પણ બોલાવે ત્યારે હાજર રહેવાની શરત સાથે જામીન આપ્યાં હતાં

સુરતઃ મને કાળીયો કેમ કીધો તેમ કહી ફરિયાદી શ્રીરામ યાદવને માર મારવાના અમરોલી પોલીસ સ્ટેશને નોંધાયેલા કેસમાં આરોપી માયકલ રાજેશભાઈ પટેલ અને શિવરામ સિમાચંલ મંહતી ( રહે. અમરોલી ગામ )ને ટ્રાયલ કોર્ટે દોષિત ઠેરવી પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની કલમ 4 હેઠળ એક વર્ષ માટે સારી વર્તણૂકના બોન્ડ પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. સજા અંગેની સુનાવણી દરમિયાન બચાવ પક્ષે બંને આરોપીઓ ગરીબ હોવાનું તેમનો પ્રથમ ગુનો હોવાનું જણાવી પ્રોબેશનનો લાભ આપવા અદાલત સમક્ષ રજૂઆત કરી હતી. બીજી તરફ, ફરિયાદ પક્ષે એપીપી એ. એમ. તુંબડાએ આરોપીઓને કડક સજા કરવાની માંગ કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અદાલતે માયકલ પટેલ અને શિવરામ મંહતીને એક વર્ષ માટે સારી વર્તણૂક જાળવવાની શરતે પ્રોબેશન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. તેમજ આ બન્ને આરોપીને પ્રોબેશન ઓફિસરના નિગેબાની હેઠળ રહેશે. બંને આરોપીએ અદાલત જ્યારે પણ બોલાવે ત્યારે હાજર રહેવાની શરત સાથે જામીન આપ્યાં હતાં.

# ગૌવધ પર કડક પ્રતિબંધ, ગૌમાતાને 'રાષ્ટ્ર માતા'નો દરજ્જો આપો

**સંતોના** સાંનિધ્યમાં સુરતમાં રેલી બાદ કલેક્ટરને આવેદન; શહેરભરમાં હસ્તાક્ષર અભિયાનને પણ વેગ

સુરતઃ ગૌમાતાને 'રાષ્ટ્ર માતા' જાહેર કરવાની અને દેશભરમાં ગૌવધ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગને લઈને સુરતમાં સોમવારે સંતોના સાનિધ્યમાં વિશાળ જનજાગૃતિ અભિયાન યોજાયું હતું. મહારાજા અગ્રસેન ભવનથી શરૂ થયેલી રેલી જિલ્લા કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી, જ્યાં સંતો અને ગૌભક્તોના પ્રતિનિધિમંડળે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી કેન્દ્ર સરકાર સુધી માંગ પહોંચાડવાની રજૂઆત કરી હતી.

આ અભિયાનની શરૂઆત સવારે ૮ વાગ્યે મહારાજા અગ્રસેન ભવન ખાતે વિજય મંત્રના સામૂહિક કીર્તનથી થઈ હતી. ત્યારબાદ મોટી સંખ્યામાં ગૌભક્તો વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે એકત્ર થયા હતા. સવારે ૧૦ વાગ્યે સંતોના સાનિધ્યમાં રેલી જિલ્લા કલેક્ટર કચેરી તરફ પ્રસ્થાન કરી હતી. રેલીમાં સંત ડો. રાજેન્દ્રદાસજી દેવાચાર્ય મહારાજના માર્ગદર્શન હેઠળ ગૌભક્તોએ ગૌસંરક્ષણના સંદેશ સાથે શાંતિપૂર્ણ રેલી યોજી હતી. ગ્વાલ સંત ગોપાલાનંદ સરસ્વતી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. રેલી બાદ જિલ્લા કલેક્ટરને સુપરત કરાયેલા આવેદનમાં ગૌમાતાને 'રાષ્ટ્ર માતા'નો દરજ્જો આપવા તેમજ સમગ્ર દેશમાં ગૌવધ પર કડક અને સંપૂર્ણ પ્રતિબંધ અમલમાં મૂકવાની માંગ કરવામાં આવી હતી. આ દરમિયાન રિંગરોડ સ્થિત સિલ્ક સિટી માર્કેટના ગૌભક્તોએ પોતાના રક્તથી લખાયેલ પત્ર તૈયાર કરીને ભારત સરકારને મોકલવાની અનોખી પહેલ પણ કરી હતી. તેમાં ગૌમાતાને રાષ્ટ્ર માતા જાહેર કરવા અને ગૌવધ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી.

# હવે પછી વેણીનાથ ગરનાળામાં પાણી નહીં ભરાય, 5 કિ.મી.નું અંતર ઘટશે

**કોસાડ,** અમરોલી, છાપરાભાઠા, વાલક, સીમાડા સહિત 1.5 લાખ લોકોને મળશે રાહત

સુરતઃ દરેક ચોમાસામાં સામાન્ય કરતાં થોડો વધુ વરસાદ પડતાં જ પાણીમાં ગરકાવ થઈ જતો અને હજારો લોકો માટે મુશ્કેલી સર્જતો વેણીનાથ રેલવે ગરનાળો હવે રાહત આપશે તેવી આશા જાગી છે. કતારગામ ઝોને રેલવે વિભાગના સંકલનથી માત્ર 24 કલાકમાં ગરનાળાના એપ્રોચ રોડ નીચે બે વિશાળ પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરી દીધી છે. આ કામગીરી બાદ સામાન્યથી ભારે વરસાદ દરમિયાન ગરનાળામાં પાણી ભરાવાની સમસ્યા મહદઅંશે દૂર થશે અને માત્ર અતિભારે વરસાદની સ્થિતિમાં જ પાણી ભરાવાની શક્યતા રહેશે. કોસાડ, છાપરાભાઠા,



અમરોલી, વાલક, સીમાડા, અબ્રામા, ભરથાણા-કોસાડ સહિતના વિસ્તારોના અંદાજે દોઢ લાખ લોકો દરરોજ આ માર્ગનો ઉપયોગ કરે છે. જોકે, વરસાદી પાણી ભરાઈ જતાં બંને બાજુનો સંપર્ક તૂટી જતો હતો અને લોકોને લગભગ પાંચ કિલોમીટરનો વધારાનો ચકરાવો કરીને અવરજવર કરવી પડતી હતી.

ગત 7 જુલાઈના ભારે વરસાદ દરમિયાન ગરનાળામાં આશરે 9 ફૂટ સુધી પાણી ભરાઈ જતાં સમગ્ર માર્ગ બંધ થઈ ગયો હતો. જે મુદ્દે સ્થાનિક કોર્પોરેટરો વિજય ભાટીયા વગેરેએ પણ રાઉન્ડ લઈ રજૂઆત કરી હતી. જો કે આ ઘટનાને ગંભીરતાથી લઈને કતારગામ ઝોનના તત્કાલીન ઝોનલ ચીફ અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મનીષ ડોકટરના માર્ગદર્શન હેઠળ રેલવે વિભાગ સાથે સંકલન સાધી કાયમી ઉકેલ માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. રેલવે વિભાગ હસ્તકની જમીનમાં 1400 એમએમ વ્યાસના કુલ 16 પાઈપ મૂકીને બે નવી ડ્રેનેજ લાઈન એપ્રોચ રોડની નીચેથી પસાર કરવામાં આવી છે. માત્ર 24 કલાકમાં રસ્તાનું લેવલિંગ કરી વાહનવ્યવહાર માટે ફરી શરૂ કરી દેવામાં આવ્યો હતો.


# કોસંબાના રેલવે પો.કો.ને રિક્ષાચાલકે ધમકી આપી

સુરત : કોસંબા રેલવે સ્ટેશન ખાતે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ અરવિંદ ધરમવિરસિંગ યાદવ અને તેમના સાથી કર્મચારી મુજાહીદખાન તા. ૨૫/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે કોસાડ રેલવે સ્ટેશનથી અમરોલી અંજની નહેર સુધી સી.પી. ડ્યુટીની ફરજ પર હતા. રાત્રિના આશરે નવેક વાગ્યાના સુમારે તેઓ અમરોલી શાંતિનગર ભરથાણા ફાટક પાસે કાયદેસરની ફરજમાં હતા અને ટ્રેન આવવાની હોવાથી રેલવે ફાટક બંધ હતું. તે દરમિયાન એક ઓટો રિક્ષાનો ચાલક ત્યાં આવ્યો હતો અને તુ જલ્દી ફાટક ખોલ, મારે જવું છે તેમ કહી ઉદ્ધત વર્તન કરવા લાગ્યો હતો. પો.કો. અરવિંદભાઈએના પાડતાં રિક્ષાચાલક જઈને પોતાના સાગરીતોને લઈને આવ્યો હતો અને પો.કો. અરવિંદભાઈ સાથે ઝપાઝપી કરી ધમકી આપતાં કહ્યું હતું કે, હું અહીં જ રહું છું, ક્યાંય દેખાતો નહીં, નહીં તો તને મારી નાખીશ. બાદમાં રિક્ષાચાલક અને તેના સાથીદારો ભાગી છુટ્યા હતા.

**આજે વર્લ્ડ હિપેટાઈટિસ ડે** | ચોમાસામાં સગર્ભા મહિલામાં હિપેટાઈટિસનું સંક્રમણ વધી રહ્યું છે

# સુરતમાં 15% સગર્ભાને કમળા માટે હિપેટાઈટિસ E જવાબદાર

**શરૂઆતમાં** લક્ષણો દેખાતાં નથી, પરંતુ ટેસ્ટમાં આકસ્મિક રીતે પકડાય છે




સુરતઃ ચોમાસાની ઋતુમાં સૌથી ચિંતાજનક બાબત ગર્ભવતી મહિલાઓમાં વધતું હિપેટાઈટિસ (કમળા)નું સંક્રમણ સામે આવી રહી છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર સહિતની સરકારી હોસ્પિટલોના આંકડા મુજબ, ચોમાસામાં કમળાની અસર હેઠળ દાખલ થતી સગર્ભા મહિલાઓમાંથી ૧૫% થી ૨૫% કેસોમાં હિપેટાઈટિસ E જવાબદાર હોય છે. હિપેટાઈટિસ B અને C ના મોટાભાગના કિસ્સાઓમાં શરૂઆતમાં કોઈ લક્ષણો દેખાતા નથી.

## સુરત સહિત રાજ્યમાં ગર્ભવતી મહિલાઓમાં હિપેટાઈટિસનું પ્રમાણ અને સ્ક્રિનિંગ

» હિપેટાઈટિસ E: ચોમાસામાં દૂષિત પાણી-ખોરાકથી ફેલાતો આ વાયરસ ગર્ભવતી મહિલાઓના લિવર પર ગંભીર અસર કરે છે.

» હિપેટાઈટિસ B : ગર્ભવતી મહિલાઓમાં હિપેટાઈટિસ B નો દર ૦.૬% થી ૧.૨% (દર ૧,૦૦૦ એ ૬ થી ૧૨ મહિલા) નોંધાય છે.

» હિપેટાઈટિસ C : ગર્ભવતી મહિલાઓમાં આ દર ૦.૧% થી ૦.૩% જેટલો નીચો રહે છે.

## ક્યાં ક્યાં મુખ્ય લક્ષણો છે?

» આંખો અને ત્વચા પીળી પડવી (કમળો) » પેશાબનો રંગ ઘાટો પીળો થવો » સતત થાક, નબળાઈ અને ભૂખ ન લાગવી » પેટના ઉપરના ભાગમાં દુખાવો કે ઉલટી-ઉબકા થવા

## ગર્ભવતી મહિલાને હિપેટાઈટિસ બી પોઝિટિવ હોય તો વેક્સિન આપીને બાળકને બચાવી શકાય છે

જો ગર્ભવતી મહિલા હિપેટાઈટિસ B પોઝિટિવ હોય, તો જન્મ સમયે જ બાળકને HBsAg વેક્સિન અને ઇમ્યુનોગ્લોબ્યુલિન (HBIG) આપીને ૯૦%થી વધુ કિસ્સાઓમાં સંક્રમણથી બચાવી શકાય છે. નવી સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં આ તમામ પ્રાથમિક તપાસ નિઃશુલ્ક કરવામાં આવે છે.

## સુરતમાં હિપેટાઈટિસ કેવી કેવી રીતે ફેલાય છે? માતામાંથી પણ બાળકમાં ફેલાય છે

તબીબોના જણાવ્યા મુજબ, હિપેટાઈટિસના મુખ્યત્વે ૫ પ્રકાર (A, B, C, D, અને E) છે:

૧. દૂષિત પાણી અને ખોરાક દ્વારાઃ ચોમાસા દરમિયાન ડ્રેનેજનું પાણી પીવાના પાણીમાં ભળવાથી કે લારી-ગલ્લાનો અસ્વચ્છ ખોરાક/બરફ ખાવાથી આ વાયરસ ફેલાય છે. ઘણીવાર દર્દીને Hepatitis A અને E બંનેનું કો-ઇન્ફેક્શન થતાં લિવર પર ગંભીર અસર પડે છે.

૨. અસુરક્ષિત રક્ત અને સાધનો દ્વારાઃ સલૂન/ટેટૂ પાર્લરમાં વપરાતી અસુરક્ષિત સોય કે બ્લેડ, દૂષિત લોહી ચઢાવવાથી તથા માતામાંથી બાળકમાં આ વાયરસ ફેલાય છે.

# કતારગામના હીરા વેપારી સાથે રૂ.૭૪.૮૬ લાખની છેતરપિંડી

**'આડતથી** માલ વેચી આપીશું' કહી ૨૪૯.૨૨ કેરેટ રોઝ કટ હીરા લીધા બાદ પેમેન્ટ આપવાને બદલે જાનથી મારી નાખવાની ધમકી આપી

સુરત : કતારગામમાં હીરા વેપાર કરતા વેપારીએ મુંબઈ અને હોંગકોંગ સાથે સંકળાયેલા હીરા વેપારીઓ સામે રૂપિયા 74.86 લાખના કુદરતી હીરાની છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા હીરા ઉદ્યોગમાં ચકચાર મચી છે. કતારગામ અમરોલી રોડ પર આવેલા સ્કાય હાઈ બિલ્ડિંગમાં સી. જેનીલકુમાર એન્ડ કુ. નામની ભાગીદારી પેઢી ચલાવતા ચિરાગ ડુંગરશીભાઈ સવાણી (ઉ.વ. 38)ની પેઢીની એક શાખા મુંબઈના બી.કે.સી. વિસ્તારમાં પણ કાર્યરત છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ચિરાગ સવાણીનો ગૌરાંગ લાખાભાઈ માંગુકિયા સાથે અગાઉથી હીરાના વેપારને કારણે પરિચય હતો. ગૌરાંગે હોંગકોંગ સ્થિત પોતાની ઓફિસમાંથી સંપર્ક કરી જણાવ્યું હતું કે તેમના પરિવારના સભ્યો અરવિંદભાઈ, ઉમંગભાઈ અને કાનજીભાઈ રિદ્ધી ડાયમંડ નામે હીરાનો વેપાર કરે છે અને વિદેશી પાર્ટીઓને હીરાનું વેચાણ કરાવે છે. વેપાર માટે જરૂરી ગુણવત્તાના હીરા ઉપલબ્ધ હોય તો વેચાણ કરાવી આપવાની અને તેની સંપૂર્ણ ચુકવણીની જવાબદારી પોતાની રહેશે તેવી ખાતરી પણ આપી હતી. તેના બદલામાં ત્રણ ટકા આડત નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ અરવિંદભાઈ માંગુકિયા સુરત આવી ચિરાગ સવાણી પાસેથી કટ એન્ડ પોલિશ્ડ તથા રોઝ કટના કુલ 249.220 કેરેટ કુદરતી હીરા, જેની કિંમત રૂપિયા 74,86,568 હતી, તા. 12 ઓગસ્ટ, 2024ના રોજ જાંગડ બનાવી સ્વીકારી ગયા હતા. જાંગડ પર અરવિંદભાઈની સહી પણ લેવામાં આવી હતી. ફરિયાદ મુજબ ત્યારબાદ વારંવાર સંપર્ક કરવા છતાં અરવિંદભાઈ પાર્ટીનો જવાબ બાકી છે જેવા બહાના બતાવતા રહ્યા.